ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2026-27/67 Dt. 17/08/2026

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ભારતમાં 13.8 કરોડ લોકો ક્રોનિક કિડની રોગથી પીડિત

## ચીન પછી વિશ્વમાં ભારત બીજા નંબરે હોવાનો નેફ્રોલોજિસ્ટ્સનો ધટસ્ફોટ

## ચેમ્બર દ્વારા વરાછા સ્થિત લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર ખાતે 'હેલ્ધી કિડની, હેલ્ધી લાઈફ' સેશન યોજાયું

## દેશમાં દર વર્ષે અંદાજે 2,20,000 નવા દર્દીઓ કિડની ફેલ્યોરના અંતિમ સ્ટેજ પર પહોંચે છે: ડો. હર્ષિત પટેલ (ખૂંટ)

## ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર કિડની ફેલ્યોર માટે 40થી 60% જવાબદાર: ડો. જયદીપ હિરપરા

સુરત, 17 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની પબ્લિક હેલ્થ કમિટી દ્વારા રવિવાર, તા. 16 ઓગસ્ટ 2026ના રોજ સવારે 10:30 કલાકે વરાછા સ્થિત લોક સમર્પણ રક્તદાન કેન્દ્ર ખાતે 'હેલ્ધી કિડની, હેલ્ધી લાઈફ' વિષય પર એક વિશેષ હેલ્થ અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. જયદીપ હિરપરા અને ડો. હર્ષિત પટેલ (ખૂંટ)એ કિડનીની સંભાળ અને તેના ગંભીર રોગોથી બચવાના ઉપાયો અંગે વિસ્તૃત વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### હેલ્થ સિરીઝનો લાભ દરેક વિસ્તારના લોકો સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક: અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "ચેમ્બર દ્વારા ચલાવવામાં આવતી આ હેલ્થ અવેરનેસ સિરીઝનો લાભ શહેરના પ્રત્યેક વિસ્તારના નાગરિકોને સરળતાથી મળી રહે તેવા શુભ આશયથી આ વખતે નિયમિત સ્થળ નાનપુરા 'સમૃદ્ધિ' ને બદલે વરાછા વિસ્તારમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં લોકસમર્પણ રક્તદાન કેન્દ્રનો સહયોગ મળ્યો છે. કહેવત છે ને કે

પહેલું સુખ તે જાતે નર્યા. જીવનમાં ધન-સમૃદ્ધિની સાથે નિરોગી શરીર હોવું સૌથી મોટું સુખ છે. કિડની માનવ શરીરનું કુદરતી ફિલ્ટર છે, ખૂબ જ મહત્વનું અંગ છે. "

**કિડની રોગ 'સાયલન્ટ કિલર', શરૂઆતી લક્ષણો ઓળખવા જરૂરી: ડો. જયદીપ હિરપરા**

ડો. જયદીપ હિરપરાએ જણાવ્યું હતું કે, "કિડની રોગના મુખ્ય બે પ્રકાર છે—એક્યુટ કિડની ઇન્જરી (જે અચાનક ડિહાઇડ્રેશન કે ઇન્ફેક્શનથી થાય છે) અને ક્રોનિક કિડની ડિસીઝ (જે વર્ષો સુધી ધીમે-ધીમે વકરે છે). શરૂઆતના તબક્કામાં લક્ષણો ન દેખાતા હોવાથી તેને 'સાયલન્ટ ડિસીઝ' કહેવાય છે." તેમણે પગ-ચહેરા પર સોજો, સતત નબળાઈ, યુરિનમાં ફીણ કે લોહી આવવું અને શ્વાસ લેવામાં તકલીફ, ચામડીમાં ખંજવાળ જેવા લક્ષણો દેખાય તો તુરંત ડોકટરનો સંપર્ક કરવા અને બ્લડ પ્રેશર-શુગર નિયંત્રણમાં રાખવા સલાહ આપી હતી.

**ભારતમાં ક્રોનિક કિડની ડિસીઝનું ભયાનક પ્રમાણ: ડો. હર્ષિત પટેલ (ખૂંટ)**

નેફ્રોલોજિસ્ટ ડો. હર્ષિત પટેલ (ખૂંટ)એ ચોંકાવનારી વિગતો આપતાં જણાવ્યું હતું કે, "ભારતમાં અંદાજે 13.8 કરોડ લોકો ક્રોનિક કિડની રોગ સાથે જીવી રહ્યા છે અને ચીન પછી ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. વિવિધ અભ્યાસો મુજબ દેશમાં પુખ્ત વયના લોકોમાં આ બીમારીનું પ્રમાણ 13%થી 17% વચ્ચે છે. દેશમાં દર વર્ષે અંદાજે 2,20,000 નવા દર્દીઓ એન્ડ-સ્ટેજ કિડની ફેલ્યોર સુધી પહોંચે છે, જેમને ડાયાલિસિસ અથવા કિડની ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. કિડની બગડવાના 40%થી 60% કેસો માટે માત્ર ડાયાબિટીસ અને હાઇ બ્લડ પ્રેશર જવાબદાર છે." દેશના ચોક્કસ ગ્રામીણ વિસ્તારોમાં ક્રોનિક કિડની ડિસીઝનું ચિંતાજનક પ્રમાણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના ઉદ્દાનમ વિસ્તારમાં આ બીમારીનો દર 18% થી 21% જેટલો ઊંચો છે. આ વિસ્તારોમાં કિડની ખરાબ થવા પાછળ ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર નહીં, પરંતુ અતિશય ગરમી, ભારે ધાતુઓ, દૂષિત પીવાનું પાણી અને જંતુનાશક દવાઓનો સીધો સંપર્ક મુખ્ય કારણભૂત હોવાનું સામે આવ્યું છે.

આ પ્રસંગે લોક સમર્પણ રક્તદાન કેન્દ્રના પ્રમુખ શ્રી હરિભાઇ કથીરિયાએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. પબ્લિક હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ રૂપરેખા આપી હતી, જ્યારે કો-ચેરમેન શ્રી લાલજીભાઇ હિરાનીએ સમગ્ર સેશનનું સંચાલન કરી આભાર વિધિ કરી હતી.